**હેલ્થ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કામગીરી વધુ સારી રીતે થઇ શકે તથા બંને વિભાગોની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી હેલ્થ વિભાગ તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે નવી નિતી મુજબ સ્વતંત્ર વહીવટી માળખા સાથે નીચે જણાવ્યા પ્રમાણે વિભાગીય કામગીરી કરવાની રહેશે.**

## (A) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની કામગીરી

**આસી. મ્યુનિસિપલ કમિશનર (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની ઝોનને લગતી કામગીરી પૂરતી)**

- તાબા હેઠળનો સ્ટાફ દૈનિક ધોરણે બાયોમેટ્રીક હાજરી ભરે તેનું સુપરવિઝન
- ઝોનની આદર્શ સફાઇ નું સુપરવિઝન અને મોનીટરીગ
- મુખ્ય રસ્તાઓની સફાઇનું સુપરવિઝન
- સ્વચ્છ ભારત મિશનની કામગીરી
- પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ અને હેન્ડલીગ રૂલ્સ -૨૦૧૬ ની ઝોન લેવલે અમલીકરણ અંગે સંકલનની કામગીરી
- સફાઇ બાબતે ધંધાકીય તથા રહેણાંક વિસ્તારોમાં નોટિસ, દંડ-વહીવટી ચાર્જ વસુલાત તથા સીલ મારવા અંગેની કામગીરી
- દૈનિક ધોરણે ઓછામાં ઓછા બે વોર્ડની મુલાકાત અને સપ્તાહ દરમ્યિાન સમગ્ર ઝોનને આવરી લેવો
- દૈનિક ધોરણે ઝોનના ટ્રાન્સફર સ્ટેશનની મુલાકાત
- ડોર ટુ ડોર પધ્ધત્તિની કામગીરીનું રેન્ડમ ચેકિંગ અને સંકલન તથા તમામ પી.ઓ.આઇ. કવર થાય તે મુજબનું સઘન આયોજન
- ટ્રેકટર તથા સીલ્વર ટ્રોલીની આકસ્મિક ચકાસણી તથા ડીપ્લોયમેન્ટ પ્લાન
- ઝોનની કંન્ટેઇનર લીફટીગની ઓવર ઓલ કામગીરી
- કન્ટેઇનર / સીલ્વર ટ્રોલી વધારવા/ઘટાડવા તેમજ કચરાના પ્રમાણ પ્રમાણે લાંબા/ ટૂંકાગાળાના આયોજન
- ઝોનમાં રોડ સ્વીપર મશીનો દ્વારા મિકેનાઇઝડ ધોરણે કરવામાં આવતી રોડ- ડીવાઇડર સફાઇની કામગીરીનું આયોજન
- ઝોનને ફાળવવામાં આવેલ મશીનરીનો મહત્તમ ઉપયોગ થઇ શકે તે મુજબનું આયોજન કરવું
- સપ્તાહમાં એકવાર રાત્રિ ખાણીપીણી બજારની સફાઇનું ચેકિંગ

**ડે.ડાયરેકટર (ઝોન)**

- ઝોનની તથા તમામ રસ્તાઓની આદર્શ સફાઇ નું સુપરવિઝન.
  - મુખ્ય માર્ગોની સફાઇ
  - આંતરીક માર્ગોની સફાઇ
  - નાના માર્ગોની સફાઇ
  - સ્પોટ ટુ કન્ટેનર સુધી કચરાનું વહન
  - સીલ્વર ટ્રોલી/ કન્ટેનરનું લીફટીગ
  - સીલ્વર ટ્રોલી/ કન્ટેનરની જગ્યાની સફાઇ તથા દવાનો છંટકાવ.
  - સ્વચ્છ ભારત મિશન - સ્વચ્છતા સર્વેક્ષણને લગતી તમામ જવાબદારી

- ડોર ટુ ડોર પધ્ધતિની સફાઇ કામગીરીનું રોજીંદા ધોરણે સુપરવિઝન.
- ડોર ટુ ડોરની જી.પી.એસ. સીસ્ટમનું રોજીંદા ધોરણે મોનીટરીંગ.
- ઝોનની સો.વે.મે. વિભાગની વહીવટી કામગીરી.
  - સો.વે.મે. વિભાગની સર્વિસ મેટર.
  - સો.વે.મે. વિભાગની એસ્ટાબ્લીસમેન્ટ/પગાર/સર્વિસ બુકો ની કામગીરી.
  - સો.વે.મે. વિભાગના કર્મચારી કલ્યાણ , વેલ્ફેર લોન અંગેની કામગીરી.
  - તમામ પ્રકારના બીલોને લગતી કામગીરી.
  - સો.વે.મે. વિભાગના વહીવટને લગતી અન્ય તમામ પ્રકારની કામગીરી.
  - કામદારને અનફીટ કરવા તથા વારસદારને રહેમરાહે નોકરી આપવાના કિસ્સાઓમાં
  - પેનલ કમીટી સમક્ષ કેસ રજુ કરવાની કામગીરી.
  - ઝોનના સો.વે.મે. વિભાગને લગતા વિવિધ કામોના ટેન્ડર, ઓફર, કવોટેશનની કામગીરી.
  - સફાઇ કામગીરીને લગતા જરૂરી ઓજારો તથા સાધન સામગ્રી સેન્ટ્રલ સ્ટોર્સ ખાતેથી ઈન્ડેન્ટ દ્વારા મંગાવવાની કામગીરી.
- ઝોનના ટ્રાન્સફર સ્ટેશનની તમામ પ્રકારની કામગીરી, સાધનો/ વાહનોનું ચેકિંગ, કચરાના સમયસરના નિકાલ અંગેનું સુવ્યવસ્થિત આયોજન અને અમલીકરણ.
- ઝોનમાં કામગીરી કરતાં સો.વે.મે. તથા રેફયુઝ વિભાગના તમામ કર્મચારી/અધિકારીની કામગીરીનું સુપરવિઝન.
- ઝોનને ફાળવવામાં આવેલ ટ્રેકટર ટ્રોલી દ્વારા થતી તમામ પ્રકારની કામગીરીનું સુપરવિઝન.
- રાત્રી ખાણીપીણી બજારની સઘન સફાઇ ઝુંબેશ સ્વરૂપે દૈનિક ધોરણે અસરકારક સફાઈનું આયોજન તથા મોનીટરીગ.
- વોર્ડના નિયત સ્થળોએ રાત્રી સફાઈની કામગીરીનું આયોજન તથા મોનીટરીંગ.
- પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ અને હેન્ડલીંગ રૂલ્સ -૨૦૧૬ ની ઝોન લેવલે અમલીકરણ અંગેની કામગીરી
- અખાદ્ય ધંધાઓનાં ચેકીગ તથા લાયસન્સ ઇસ્યુ કરવા અંગેની તમામ કામગીરીનું મોનીટરીગ
- સફાઇ બાબતે ધંધાકીય તથા રહેણાંક વિસ્તારોમાં નોટિસ, દંડ-વહીવટી ચાર્જ વસુલાતનું સુપરવિઝન તથા સીલ મારવાની મંજુરી આપવાની કામગીરી
- આર.ડબલ્યુ.એ. દ્વારા થતી હયાત કામગીરીનું મોનીટરીગ.
- નદી પરના બ્રીજના કળશ દ્વારા ભેગા તથા કચરાનો નિયમીત નિકાલ તથા મોનીટરીગ.
- ઝોનમાં થતા સફાઇ અંગેનાં સ્પેશીયલ ડ્રાઈવનું સંપૂર્ણ આયોજન તથા અમલીકરણ.
- સેનેટરી સબ ઈન્સપેકટર, સેનેટરી ઈન્સપેકટર , પી.એચ.એસ., સેનીટેશન સુપ્રિન્ટેન્ડન્ટ તથા આસી. ડાયરેકટરશ્રીનાં વાર્ષિક ખાનગી અહેવાલ ભરવાની તથા રજાઓ મંજૂર કરવાની કામગીરી.
- સેનીટેશન સુપ્રિન્ટેન્ડન્ટની કક્ષા સુધીના કર્મચારી/અધિકારીશ્રી વિરૂધ્ધ ડીસીપ્લીનરી એકશન લેવાના થાય તો તેની આનુષાંગીક કામગીરી.
- ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા વખતો વખત જે સુચના આપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.

ડે.ડાયરેકટરશ્રીએ પોતાની કામગીરીનું રીપોર્ટીગ

(૧) આસી.મ્યુનિ.કમિશનર(ઝોન) મારફતે ડે.મ્યુનિ.કમિશનર(ઝોન)ને અને

(૨) મધ્યસ્થ કચેરીને લગતી કામગીરી માટે ડે.ડાયરેકટર (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) મારફતે ડાયરેકટર (સોલીડવેસ્ટ મેનેજમેન્ટ) અને ડે.મ્યુનિ.કમિશનર( સોલીડવેસ્ટ મેનેજમેન્ટ) ને કરવાનું રહેશે.

## આસી.ડાયરેકટર(ઝોન)

- ઝોનની આદર્શ સફાઇની કામગીરી.
  - મુખ્ય માર્ગોની સફાઇ
  - આંતરીક માર્ગોની સફાઇ
  - નાના માર્ગોની સફાઇ
  - સ્પોટ ટુ કન્ટેનર સુધી કચરાનું વહન
  - સીલ્વર ટ્રોલી/ કન્ટેનરનું લીફટીગ
  - સીલ્વર ટ્રોલી/ કન્ટેનરની જગ્યાની સફાઇ તથા દવાનો છંટકાવ.
  - સ્વચ્છ ભારત મિશન - સ્વચ્છતા સર્વેક્ષણને લગતી તમામ જવાબદારી
- ડોર ટુ ડોર પધ્ધતિની સફાઇ કામગીરીનું રોજીંદા ધોરણે સંકલન તથા સુપરવિઝન.
- ડોર ટુ ડોરની જી.પી.એસ. સીસ્ટમનું રોજીંદા ધોરણે મોનીટરીગ અને રીપોર્ટીગ.
- ઝોનની સો.વે.મે.વિભાગની વહીવટી કામગીરી.
  - સો.વે.મે. વિભાગની સર્વિસ મેટર.
  - સો.વે.મે.વિભાગની એસ્ટાબ્લીસમેન્ટ/પગાર/સર્વિસ બુકો ની કામગીરી.
  - સો.વે.મે.વિભાગના કર્મચારી કલ્યાણ , વેલ્ફેર લોન અંગેની કામગીરી.
  - તમામ પ્રકારના બીલોને લગતી કામગીરી.
  - સો.વે.મે.વિભાગના વહીવટને લગતી અન્ય તમામ પ્રકારની કામગીરી.
  - કામદારને અનફીટ કરવા તથા વારસદારને રહેમરાહે નોકરી આપવાના કિસ્સાઓમાં પેનલ કમીટી સમક્ષ કેસ રજુ કરવાની કામગીરી.
  - ઝોનના સો.વે.મે.વિભાગને લગતા વિવિધ કામોના ટેન્ડર, ઓફર, કવોટેશનની કામગીરી.
  - સફાઇ કામગીરીને લગતા જરૂરી ઓજારો તથા સાધન સામગ્રી સેન્ટ્રલ સ્ટોર્સ ખાતેથી ઇન્ડેન્ટ દ્વારા મંગાવવાની કામગીરી.
- ઝોનના ટ્રાન્સફર સ્ટેશનની તમામ પ્રકારની કામગીરી, સાધનો/ વાહનોનું ચેકિંગ, કચરાના સમયસરના નિકાલ અંગેનું સુવ્યવસ્થિત આયોજન અને અમલીકરણ.
- ઝોનમાં કામગીરી કરતાં સો.વે.મે. તથા રેફયુઝ વિભાગના સેનેટરી સબ ઇન્સપેકટર, સેનેટરી ઇન્સપેકટર , પી.એચ.એસ. તેમજ સેનીટેશન સુપ્રિન્ટેન્ડન્ટ કક્ષાના કર્મચારી/અધિકારીની કામગીરીનું સુપરવિઝન.
- ઝોનને ફાળવવામાં આવેલ ટ્રેકટર ટ્રોલી દ્વારા થતી તમામ પ્રકારની કામગીરીનું સુપરવિઝન.
- પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ અને હેન્ડલીગ રૂલ્સ -૨૦૧૬ ની ઝોન લેવલે અમલીકરણ અંગેની કામગીરી
- સફાઇ બાબતે ધંધાકીય તથા રહેણાંક વિસ્તારોમાં નોટિસ, દંડ-વહીવટી ચાર્જ વસુલાતનું સુપરવિઝન તથા સીલ મારવાની મંજુરી આપવાની કામગીરી

- અખાદ્ય ધંધાઓનાં ચેકીંગ તથા લાયસન્સ ઇસ્યુ કરવા અંગેની તમામ કામગીરીનું મોનીટરીંગ
- રાત્રી ખાણીપીણી બજારની સઘન સફાઇ ઝુંબેશ સ્વરૂપે દૈનિક ધોરણે અસરકારક સફાઇનું આયોજન તથા મોનીટરીંગ.
- વોર્ડના નિયત સ્થળોએ રાત્રી સફાઇની કામગીરીનું આયોજન તથા મોનીટરીંગ.
- આર.ડબલ્યુ.એ. દ્વારા થતી હયાત કામગીરીનું મોનીટરીંગ.
- નદી પરના બ્રીજના કળશ દ્વારા ભેગા તથા કચરાનો નિયમીત નિકાલ તથા મોનીટરીંગ.
- ઝોનમાં થતા સફાઇ અંગેનાં સ્પેશીયલ ડ્રાઇવનું સંપૂર્ણ આયોજન તથા અમલીકરણ.
- સેનેટરી સબ ઇન્સપેક્ટર, સેનેટરી ઇન્સપેક્ટર , પી.એચ.એસ. તેમજ સેનીટેશન સુપ્રિન્ટેન્ડન્ટનાં વાર્ષિક ખાનગી અહેવાલ ભરવાની તથા રજાઓ મંજૂર કરવાની કામગીરી.
- સેનીટેશન સુપ્રિન્ટેન્ડન્ટની કક્ષા સુધીના કર્મચારી/અધિકારીશ્રી વિરૂધ્ધ ડીસીપ્લીનરી એકશન લેવાના થાય તો તેની આનુષાંગીક કામગીરી.
- ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા વખતો વખત જે સુચના આપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.
- આસી.ડાયરેકટરશ્રીએ પોતાની કામગીરીનું રીપોર્ટીંગ ડે.ડાયરેકટર (ઝોન) ને કરવાનું રહેશે.

**<u>સેનીટેશન સુપ્રિન્ટેન્ડેન્ટ</u>**

- ઝોનની સફાઇ કામગીરીની વ્યવસ્થાનું રિપોર્ટીંગ આસી.ડાયરેક્ટર(ઝોન) શ્રી ને કરવાનું રહેશે.
- ઝોનનાં તમામ વોર્ડમાં કરાવવામાં આવતી સફાઇની કામગીરીની વ્યવસ્થાનું સુપરવિઝન.
- ઝોનલ લેવલે તમામ વોર્ડનાં સેનેટરી સબ ઇન્સ્પેક્ટર, સેનેટરી ઇન્સ્પેક્ટર, પબ્લીક હેલ્થ સુપરવાઇઝર જેવાં સુપરવાઇઝરી સ્ટાફની કામગીરીનું સુપરવિઝન અને મોનીટરીંગ.
- વોર્ડનાં સફાઇ કામદારોનાં બંદોબસ્ત રજીસ્ટરનું રેન્ડમલી ચેકીંગ તથા સુપરવિઝન.
- કામગીરી કરવાને અક્ષમ સફાઇ કામદારોને અનફીટ કરવા માટેના કેસો આસી. ડાયરેકટર (ઝોન) અને ડે.ડાયરેકટર (ઝોન) દ્વારા પેનલ કમિટી સમક્ષ રજૂ કરવાની કામગીરી તેમજ અનફીટ તથા આકસ્મીક મૃત્યુ પામેલ સફાઇ કામદારોનાં એક વારસદારને સફાઇ સહાયક તરીકે રહેમરાહે નોકરી આપવાની કાર્યવાહી આસી. ડાયરેકટર (ઝોન) અને ડે.ડાયરેકટર (ઝોન) મારફતે કાર્યવાહી કરવી.
- વોર્ડમાં ફાળવવામાં આવતી જુદી-જુદી પધ્ધતિઓનાં વાહનો દ્વારા ઉપાડાતા કચરાની કામગીરીનું સુપરવિઝન તથા તેની લોગબુકમાં પ્રતિ હસ્તાક્ષર કરવાના રહેશે.
- પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ અને હેન્ડલીંગ રૂલ્સ -૨૦૧૬ ની ઝોન લેવલની કામગીરી
- અખાદ્ય ધંધાઓનાં ચેકીંગ તથા લાયસન્સ ઇસ્યુ કરવા અંગેની તમામ કામગીરીનું સંકલન
- સફાઇ બાબતે ધંધાકીય તથા રહેણાંક વિસ્તારોમાં નોટિસ, દંડ-વહીવટી ચાર્જ વસુલાત તથા સીલ મારવાની કામગીરીનું સુપરવિઝન
- ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા વખતો વખત જે સુચના આપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.

**<u>પબ્લીક હેલ્થ સુપરવાઈઝર</u>**

- વોર્ડમાં સફાઇ કામદારથી લઇને સેનેટરી ઇન્સપેક્ટરો દ્વારા કરવામાં આવતી સફાઇ કામગીરીનું ઓવરઓલ સુપરવિઝન, ચેકીંગ અને મોનીટરીંગ.
- વોર્ડની સફાઇ કામગીરીની વ્યવસ્થાનું સેનીટેશન સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી/ આસી. ડાયરેકટર(ઝોન)શ્રી ને રિપોર્ટીંગ
- સેનેટરી સબ ઇન્સ્પેક્ટરો દ્વારા સફાઇ કામદારોનાં કરવામાં આવેલ બંદોબસ્તનાં રજીસ્ટરનું દૈનિક ધોરણે ચેકીંગ અને મોનીટરીંગ.
- જે તે સેનેટરી સબ ઇન્સ્પેક્ટરનાં વોર્ડ વિસ્તારમાં સફાઇને લગતી વિગતો જેવીકે કચરાનાં ઢગલાં, જાહેર રસ્તાઓ પર પડેલ ગાર્ડન વેસ્ટ કે ડેબ્રીજ, સફાઇ કામદારોની અનિયમિતતા બાબતે સૂચના આપી કામગીરી કરાવવી.
- વોર્ડમાં આવેલ તમામ રહેણાંક એકમો તથા કોમર્શિયલ એકમોનાં પી.ઓ.આઇ. જી.પી.એસ.સિસ્ટમમાં ઇન્સ્ટોલ કરાવી ૧૦૦% ડોર ટુ ડોર કવરેજની કામગીરી થાય તે સુનિશ્ચિત કરવું.
- સમયાંતરે વોર્ડમાં બનતા નવા વિસ્તારનાં રહેણાંક એકમો તથા કોમર્શિયલ એકમોનાં પી.ઓ.આઇ. જી.પી.એસ.સિસ્ટમમાં ઇન્સ્ટોલ કરાવવા.
- કોમર્શિયલ એકમો દ્વારા તેઓનો કચરો ડોર ટુ ડોરનાં વાહનોમાં જ ખાલી કરવામાં આવે તેની વ્યવસ્થા ગોઠવવી. ડસ્ટબીન ન હોય તેવા એકમોને નિયમ અનુસાર ડસ્ટબીન ઇસ્યુ કરવા.
- એજન્સી દ્વારા કન્ટેનરો દૈનિક ધોરણે ઉપડે, કન્ટેનરની સાઇટોની આજુબાજુ સફાઇ કરાવવી અને જંતુનાશક દવાનો છંટકાવ કરવો તેમજ કચરો સાઇટની બહાર ન પડી રહે તથા સફાઇ મેઇન્ટેન રહે તે સુનિશ્ચિત કરવું.
- સિલ્વર ટ્રોલી નિયમિત ધોરણે ઉપડે તેમજ પ્રાયોરીટી મુજબનો ટી.પી.એમ. બનાવી તે રીતે એજન્સીના કોમ્પેક્ટર્સ દ્વારા સિલ્વર ટ્રોલી ખાલી કરવાની કામગીરી કરવામાં આવે તે નિયત કરવું.
- કચરાનાં સ્પોટો – મુખ્ય રસ્તાઓ, વગેરે જગ્યાઓએ પડેલ કચરાને સ્પોટ ટુ ડમ્પનાં ટ્રેક્ટરો દ્વારા રોજેરોજ ઉપાડી લેવામાં આવે તે મુજબની વ્યવસ્થા ગોઠવવી.
- વોર્ડનાં ઓપન ડેફીકેશન સ્પોટોની સફાઇ મેઇન્ટેન કરવી.
- સી.સી.આર.એસ. તેમજ વોર્ડમાં આવતી ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનની તેમજ સફાઇની ફરિયાદોનો સમયમર્યાદામાં નિકાલ કરાવી કોમ્પલાયન્સ કરી ફરિયાદો ક્લોઝ કરવી.
- પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ અને હેન્ડલીંગ રૂલ્સ -૨૦૧૬ ની વોર્ડ લેવલની કામગીરી
- અખાદ્ય ધંધાઓનાં ચેકીંગ તથા લાયસન્સ ઇસ્યુ કરવા અંગેની તમામ કામગીરીનું સુપરવિઝન
- ન્યુસન્સ કરતા એકમો / ઇસમો સામે સેનેટરી સબ ઇન્સ્પેક્ટર / સેનેટરી ઇન્સ્પેક્ટર દ્વારા નોટિસ અપાવવી, દંડ પેટે વહીવટી ચાર્જ લેવો કે કાયદેસરની ફરિયાદ દાખલ કરવી તેમજ જરૂર પડે ધંધાને સીલ કરવા સુધીની કાર્યવાહી ડે.ડાયરેકટર / આસી.ડાયરેકટર (ઝોન) ની સૂચના તથા માર્ગદર્શન મુજબ કરવી.
- ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા વખતો વખત જે સુચના આપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.

## સેનેટરી ઈન્સ્પેકટર

- વોર્ડની સફાઇ કામગીરીની વ્યવસ્થાનું અને સેનેટરી સબ ઈન્સ્પેકટરની કામગીરીનું સુપરવિઝન
- વોર્ડની સફાઇની ઓવરઓલ કામગીરીનું પબ્લીક હેલ્થ સુપરવાઇઝરને રીપોર્ટીગ
- ટોળાસફાઇની કામગીરીનું સુપરવિઝન
- વોર્ડમાં કરવામાં આવતી રાત્રી સફાઇની કામગીરીનું મોનીટરીગ અને સુપરવિઝન કરવું.
- વોર્ડમાં ફાળવવામાં આવતા જુદી-જુદી પધ્ધતિઓનાં વાહનો દ્વારા ઉપાડતા કચરાની કામગીરીનું સુપરવિઝન તથા તેની લોગબુકો સેનેટરી સુપ્રિટેન્ડેન્ટશ્રી સમક્ષ રજૂ કરી તેઓના પ્રતિ હસ્તાક્ષર મેળવવાના રહેશે.
- પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ અને હેન્ડલીંગ રૂલ્સ -૨૦૧૬ ની વોર્ડ લેવલની કામગીરી
- અખાદ્ય ધંધાઓનાં ચેકીગ તથા લાયસન્સ ઈસ્યુ કરવા અંગેની તમામ કામગીરી
- ન્યુસન્સ કરતા એકમો / ઇસમોને નોટિસ આપવી, દંડ પેટે વહીવટી ચાર્જ લેવો કે કાયદેસરની ફરિયાદ દાખલ કરવી તેમજ જરૂર પડે ધંધાને સીલ કરવા સુધીની કાર્યવાહી વોર્ડનાં પબ્લીક હેલ્થ સુપરવાઇઝર અને ડે.ડાયરેકટર / આસી.ડાયરેકટર (ઝોન)ની સૂચના તથા માર્ગદર્શન મુજબ કરવી.
- ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા વખતો વખત જે સુચના આપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.

## સેનેટરી સબ ઈન્સ્પેકટર

- વોર્ડનાં સેનેટરી ઇન્સ્પેકટર / પબ્લીક હેલ્થ સુપરવાઇઝરની સૂચના અનુસાર સફાઇ કામગીરીની વ્યવસ્થા અને સુપરવિઝન
- સવારે ૬:૩૦ વાગ્યે મસ્ટર સ્ટેશને નકકી કરેલ બીટનાં ગેરહાજર કામદારોની જગ્યાએ રીલીવર કામદારો મુકી દરેક બીટની સફાઇની વ્યવસ્થા માટે બંદોબસ્ત કરી બંદોબસ્ત રજીસ્ટરમાં નોંધ કરવી.
- સ્પેશીયલ ડ્રાઇવમાં સૂચન મુજબની કામગીરી કરવી.
- બપોર બાદ વોર્ડમાં સફાઇની સ્પેશીયલ ડ્રાઇવમાં કામદારો દ્વારા કરવામાં આવતી સફાઇની કામગીરીનું સુપરવિઝન અને મોનીટરીગ.
- દૈનિક ધોરણે તમામ બીટોનાં મુખ્ય રસ્તાઓ તથા આંતરિક રસ્તાઓની દિવસમાં એકવાર સફાઇ થાય તે મુજબ કામદારોનો બંદોબસ્ત ગોઠવવો.
- દૈનિક ધોરણે તમામ બીટોમાં સફાઇ કામદારો દ્વારા કરવામાં આવતી સફાઇની કામગીરીનું સુપરવિઝન અને મોનીટરીગ કરવું.
- વોર્ડનાં રાઉન્ડ દરમ્યાન સિલ્વર ટ્રોલીની બહાર પડેલ કચરો, ન્યુસન્સ સ્પોટ પર નાંખવામાં આવેલ કચરાને સ્પોટ ટુ ડમ્પનાં ટ્રેકટરો દ્વારા ઉપાડાવો.
- સિલ્વર ટ્રોલી કે કન્ટેનર સાઇટો પર વધારે પ્રમાણમાં બહાર પડેલ કચરો વોર્ડમાં ફાળવવામાં આવેલ જે.સી.બી. - ટ્રક જેવા સાધનો દ્વારા ભરાવી નિકાલની કામગીરી કરાવવી.
- કન્ટેનર કચરાપેટી ભરાયેલ હોય તો તેની જાણ સેનેટરી ઇન્સ્પેકટર / પબ્લીક હેલ્થ સુપરવાઇઝરને જાણ કરી એજન્સી દ્વારા તાકીદે ઉપાડવામાં આવે તે માટે કાર્યવાહી કરવી.
- એજન્સીઓ દ્વારા સ્પોટ ટુ ડમ્પ, સિલ્વર ટ્રોલી, કન્ટેનર લીફટીગની કામગીરીની અનિયમિતતાનાં રીપોર્ટ સેનેટરી ઇન્સ્પેકટર / પબ્લીક હેલ્થ સુપરવાઇઝરને કરવા.

- કચરો, ગંદુ પાણી જાહેર રસ્તા પર ફેંકી તેમજ જાહેર રસ્તા પર કરવામાં આવતી સ્કેવેટીંગ ન્યુસન્સ માટેની નોટિસો આપવી વહીવટી ચાર્જ વસુલ કરવો કે બી.પી.એમ.સી. એકટ પ્રોવીઝન મુજબની ૧૪(૩)ઇ, ૧૪(૩)એફ મુજબની ફરીયાદ દાખલ કરવી.
- ખાણી-પીણી બજારો, દુકાનો, શોપીંગ મોલ્સ, શાક માર્કેટો વગેરે ધંધાકીય એકમોને કચરાને એકત્ર કરવા માટે ડસ્ટબીન રાખવા તાકીદ કરવી અને જે એકમો પાસે ડસ્ટબીન ન હોય તે એકમોને વહીવટી ચાર્જથી ડસ્ટબીન આપવા તથા આ કચરાનું ડોર ટુ ડોર પધ્ધતિનાં કોમર્શિયલ એકમોનાં રૂટમાં જ એકત્રીકરણ થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવી.
- ડોર ટુ ડોર પધ્ધતિનાં વાહનોમાં રહેણાંક / કોર્મશિયલ એકમોમાંથી કચરાનાં કલેકશન માટે સેનેટરી ઇન્સ્પેકટર / પબ્લીક હેલ્થ સુપરવાઇઝરની સૂચના અનુસાર પી.ઓ.આઇ. બનાવવા / વધારવા.
- દૈનિક ધોરણે તમામ રહેણાંક / કોર્મશિયલ એકમોનાં પી.ઓ.આઇ. ડોર ટુ ડોર કલેકશનમાં કવર થઇ જાય તે નિયત કરવું અને તે માટેની જરૂરી વ્યવસ્થા ગોઠવવી.

- વોર્ડમાં નવા બનાવવામાં આવતા રહેણાંક / કોર્મશિયલ એકમોનાં વિસ્તારો પણ ડોર ટુ ડોર કલેકશનમાં કવર થઇ જાય તે સુનિશ્ચિત કરવું.
- વોર્ડમાં ફાળવવામાં આવતા ટ્રક / ટ્રકટર માઉન્ટેડ તથા ૩ડી સ્વીપીર મશીનોને મુખ્ય રસ્તાઓ તથા આંતરીક રસ્તાઓ તેમજ ડીવાઇડારેની મીકેનાઇઝડ સ્વીપીંગ માટેના રૂટ મુજબની કામગીરીનું તથા આ મશીનરી દ્વારા પુરેપુરા સમયની શીફટમાં અસરકારક અમલીકરણ.
- વોર્ડમાં ફાળવવામાં આવતા જે.સી.બી. - ટ્રક જેવા સાધનો દ્વારા કચરો ઉપાડવામાં આવે તથા પુરેપુરા સમયની શીફટમાં કામગીરી કરાવવી.
- પબ્લીક પેશબખાના, કોમ્યુનિટી ટોઇલેટોની ન્યુસન્સ ટેન્કરો દ્વારા સફાઇની કામગીરી થાય તે નિયત કરવું તેમજ ગટર, પાણી કનેક્શન, લાઇટ, લીકેજ, વગેરે ક્ષતિઓ માટે વોર્ડના એન્જીયિરીંગ ખાતા દ્વારા કાર્યવાહી કરાવવા સંકલન કરવું તથા જરૂરી રીપોર્ટ હાયર ઓથોરીટીને કરવા.
- વોર્ડમાં પે એન્ડ યુઝ ટોઇલેટોની રોજેરોજ સફાઇ થાય તેમજ જંતુનાશક દવા છંટકાવ થાય તથા સ્લમ, ચાલી જેવા વિસ્તારોનાં ફ્રી પે એન્ડ યુઝ કાર્યરત રહે તે માટેની એજન્સીની કામગીરીનું સુપરવિઝન કરવું અને જોવા મળતી ક્ષતિઓ અંગે જવાબદાર એજન્સીને સક્ષમ સત્તા મારફતે નોટિસ આપી કાર્યવાહી કરાવવી.
- પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ અને હેન્ડલીંગ રૂલ્સ -૨૦૧૬ ની વોર્ડ લેવલની કામગીરી
- ન્યુસન્સ કરતા એકમો / ઇસમોને નોટિસ આપવી, દંડ પેટે વહીવટી ચાર્જ લેવો કે કાયદેસરની ફરિયાદ દાખલ કરવી તેમજ જરૂર પડે ધંધાને સીલ કરવા સુધીની કાર્યવાહી વોર્ડનાં પબ્લીક હેલ્થ સુપરવાઇઝર અને ડે.ડાયરેકટર / આસી.ડાયરેકટર (ઝોન)ની સૂચના તથા માર્ગદર્શન મુજબ કરવી.
- ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા વખતો વખત જે સુચના આપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.

**મુકાદમ**

- સવારે તેમજ બપોરે ફરજનાં સમયે સોંપવામાં આવેલ સફાઇ કામગીરીનું સુપરવિઝન કરવું.
- વોર્ડના સેનેટરી સબ ઇન્સ્પેકટર / સેનેટરી ઇન્સ્પેકટર / પબ્લીક હેલ્થ સુપરવાઇઝરની સૂચના અનુસારની કામગીરી કરાવવી.
- વોર્ડમાં આવતા ટ્રેકટર-ટ્રોલી, જે.સી.બી. - ટ્રક, વગેરે સાધનો સાથે રહીને ઉપરી અધિકારીની સૂચના અનુસાર અલગ અલગ સ્પોટ પરથી કચરો કલેકટ કરાવી નિકાલની કામગીરી કરવી.
- બીટમાં આવતા પબ્લીક પેશાબનખાના, કોમ્યુનિટી ટોઇલેટોની ન્યુસન્સ ટેન્કરો દ્વારા સફાઇની કામગીરી કરાવી, જંતુનાશક દવાનો છંટકાવ કરાવવો.
- બપોર બાદ વોર્ડમાં ટોળાકામથી કરાવવામાં આવતી સફાઇની કામગીરી માટે કામદારો જરૂરી ઝાડું, મુઠઠા, લારી, બ્રશ વગેરે સાધનો લાવી આદર્શ સફાઇ તેમજ માટીકામની કામગીરી કરાવવી.
- બીટમાં આવેલ સિલ્વર ટ્રોલી ભરાઇ ગયે વધારે પ્રમાણમાં બહાર પડેલ કચરો, મોટા કચરાનાં અલગ અલગ સ્પોટ, ગાર્ડન વેસ્ટ, ડેબ્રીસનાં અલગ અલગ સ્પોટની જાણકારી વોર્ડનાં સેનેટરી સબ ઇન્સ્પેકટરને આપવી.
- મુખ્ય રસ્તા પર કચરો, ગંદુ પાણી નાંખી ન્યુસન્સ કરતા ઇસમો / ધંધાર્થીઓની જાણકારી / રીપોર્ટીંગ સેનેટરી સબ ઇન્સ્પેકટરને આપવી.
- ઉપરી અધિકારીશ્રીઓ દ્વારા વખતો વખત જે સુચના આપવામાં આવે તે કામગીરી કરવાની રહેશે.

**સફાઇ કામદાર**

- સવારે તેમજ બપોરે ફરજનાં સમયે બાયોમેટ્રીક મશીન પર હાજરી ભરીને સોંપવામાં આવેલ સફાઇની કામગીરી કરવી.
- સોંપવામાં આવેલ કામગીરી માટેની બીટમાં સફાઇ માટેનાં જરૂરી સાધનો જેવા કે ૬ ડબ્બાવાળી નવી ડીઝાઇનની લારી, સુપડી, પતરાં, ઝાડું, મુઠઠા દ્વારા સોંપવામાં આવેલ સફાઇની કામગીરી કરવી.
- બીટનાં પાકા રસ્તા પર ઝાડુંથી કચરો ૬ ડબ્બાવાળી નવી ડીઝાઇનની લારીમાં એકત્ર કરી નજીકની નક્કી કરેલ કન્ટેનર સાઇટ પર કન્ટેનરમાં નિકાલ કરવો. બીટની ફુટપાથ તેમજ આસ્ફાલ્ટ રસ્તા પર મુઠઠાકામથી માટી હટાવવાની કામગીરી કરવી.
- બીટમાં ઓપન ડેફીકેશન / યુરીનેશન પ્રોન સ્થળની સફાઇ કામગીરી કરતા સફાઇ કામદારની સફાઇની કામગીરીમાં મદદ કરવી તેમજ જંતુનાશક દવાનો છંટકાવ કરવો.
- બીટમાં આવતા પબ્લીક પેશાબખાના, કોમ્યુનિટી ટોઇલેટ અને પે એન્ડ યુઝ ટોઇલેટની આજુ-બાજુની સફાઇ કરવી તથા જંતુનાશક દવાનો છંટકાવ કરવો.
- બીટનાં ન્યુસન્સ પોઇનટ પરથી સ્પોટ ટુ ડમ્પ પધ્ધતિનાં ટ્રેકટર - ટ્રોલી દ્વારા ઉપાડવામાં આવતા કચરાની જગ્યાની આજુ-બાજુ સફાઇ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવો.
- સિલ્વર ટ્રોલીની બહારની બાજુએ થોડા પ્રમાણમાં પડેલો કચરો ટ્રોલીમાં નાંખી જગ્યા સાફ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવો.
- બીટમાં ગટર ઉભરાયેલ હોય કે ગંદુ પાણી એકત્ર થયેલ હોય તેની આજુ-બાજુની જગ્યા સાફ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવો.